# ૧૩ મે –૨૦૧૬ (શુક્રવાર)

**(૧) ઝાકિર હુસેન– પ્રથમ મુસ્લીમ રાષ્ટ્રપતિ**

- ભારતના ત્રીજા રાષ્ટ્રપતિ અને શિક્ષણવિદ ડૉ. ઝાકિરહુસેને ૧૩ મે ૧૯૬૭ના રોજ ભારતનું રાષ્ટ્રપતિપદ સંભાળ્યું હતું.
- તેઓ ભારતના પ્રથમ મુસ્લીમ રાષ્ટ્રપતિ હતા.
- ૧૯૫૬–૫૮ દરમિયાન તેઓ સંયુક્ત રાષ્ટ્ર સંગઠન યુનેસ્કોની કાર્યકારી સમિતિમાં પણ સભ્યપદે રહ્યા હતાં.

**(૨) શશાંક મનોહર :**

- શશાંક મનોહર આઇસીસીઆ પ્રથમ સ્વતંત્ર ચેરમેન બન્યા.
- આ પદ માટે શશાંક મનોહર એકમાત્ર ઉમેદવાર હોવાથી નિર્વિધ્ને ચૂંટાઇ આવ્યા.
- આઇસીસીમાં નવું સ્વતંત્ર ચેરમેન પદ આવતા અધ્યક્ષનં પદ ૨૦૧૬ થી રદ થશે.
- અગાઉ આસીસીમાં એક–એક વર્ષ માટે અધ્યક્ષ બનાવતા હતા જેમા વર્તમાન સમયમાં પાકિસ્તાનના પૂર્વ બેટ્સમેન ઝહીર અબ્બાસ છે.
- હવે અધ્યક્ષપદ નાબુદ થતાં ઝહીર અબ્બાસ બાદ કોઇપણ અધ્યક્ષ નહીં બની શકે.

**(૩) એ.આર. રહેમાન**

- સંગીતકાર એ.આર. રહેમાન આગામી રિયો ઓલિમ્પિક માટે ગુડવીલ એમ્બેસેડર બન્યા.
- ભારતીય ગુડવીલ એમ્બેસેડર તરીકે રહેમાન ચોથા વ્યક્તિ છે.
- આ પહેલા સલમાન ખાન, અભિનવ બિંદ્રા અને સચિન તેંડુલકર પણ એમ્બેસેડર તરીકે નિમાયા છે.

**(૪) રવિન્દ્ર ખત્રી અને લલિતા કુમાર–રેસલર :**

- ભારતીય રેસલર રવિન્દ્ર ખત્રી અને લલિતા કુમારીએ પોતઅપોતાના પ્રતિદ્વંદ્વીઓના ડોપ ટેસ્ટ ફેલ થવાના કારણે રિયો ઓલિમ્પિક માટે ક્વૉલિફાય કરી લીધુ છે.
- રિયો માટે પાત્રતા મેળવવાની સાથે ભારતને કુસ્તીમાં કુલ આઠ કોટા સ્થાન મળી ગયા છે.

**પ્રશ્નો :**

(૧) ભારતના પ્રથમ મુસ્લીમ રાષ્ટ્રપતિ ?
- ઝાકિર હુસેન

(૨) ઝાકિર હુસેન ભારતના કેટલામાં રાષ્ટ્રપતિ બન્યા હતા ?
- ત્રીજા

(૩) તાજેતરમાં આઇસીસીના ચેરમેનપદે કોણ નિર્વિધ્ન ચૂંટાઇ આવ્યા ?
- શશાંક મનોહર

(૪) તાજેતરમાં કયાં સંગીતકાર રિયો ઓલિમ્પિક માટે ભારતના ગુડવીલ એમ્બેસેડર બન્યા ?
- એ.આર. રહેમાન

(૫) એ.આર. રહેમાન ઓલિમ્પિક માટે ગુડવીલ એમ્બેસેડર બનનાર ભારતની કેટલામાં વ્યક્તિ છે ?
- ચોથી

(૬) રવિન્દ્ર ખત્રીની રમત... ?
- રેસલર

(૭) બબિતા કુમારીની રમત... ?
- રેસલર

(૮) તાજેતરમાં ભારતના કયાં બે કુસ્તીબાજોને તેમના પ્રતિદ્વંદ્વિઓ ડોપ ટેસ્ટમાં નિષ્ફળ જતા રિયો ઓલિમ્પિકમાં સ્થાન મળ્યું ?
- રવિન્દ્ર ખત્રી અને લલિતા કુમારી

વિવેકાનંદ એકેડમી (ગાંધીનગર) મો.૯૯૨૫૬૯૮૭૨૧